# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR -388 120 GUJARAT

Phone:(02692)–226815

Website: www.spuvvn.edu Email ID: registrar_spu@spuvvn.edu


NAAC Accredited with Grade 'A' (10-01-2023 to 09-01-2028)

## EMPLOYMENT NOTIFICATION No. EST-15-2025 & EST-16-2025

### Adv. No.B/S/2/4587 Date: 13/08/2025

Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar-388120, invites online applications in the prescribed form for the following **Administrative Positions** to be filled up in accordance with the Govt. of Gujarat Education Deptt.'s letter No.SPU/1217/CHE-95/kh-2 dated 08/01/2018, No.ED/SPU/e-file/3/2023/0334/KH-2 dated 07/08/2023 & ED/MIS/e-file/3/2025/2912/KH-2 dated 30/05/2025 the various provisions under "Gujarat Public Universities Act-2023" and "The Gujarat Public Universities Uniform Statue-2024".

**# Important Dates:**

| | |
|---|---|
| Date of Commencement of online Application | **18/08/2025** |
| Last date of online Application | **07/09/2025 11.59 p.m.** |
| Last date of submission of hardcopy of online application along with all testimonials to the below address. "The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar-388120" (Including postal processing days) | **11/09/2025 upto 5.00 P.M.** |

**# Processing Fees: (To be paid through online mode)**

| | | |
|---|---|---|
| 1 | For General category candidates | Rs.1000/- (Non-refundable) |
| 2 | For other category candidates | Rs.450/- (Non-refundable) |

**(A) General Administrative**

| Adv. No. | Name of the Posts | No. of Posts & Category |
|---|---|---|
| **EST-15** | *Controller of Examination<br>(Rs.67,700-2,08,700) PML-11 | 01 (General) |
| **EST-16** | *Swimming Coach (Class-III) (Second Attempt)<br>(Rs.25,500-81,100) PML-4<br>(Fixed Pay of Rs.26,000/- for five years) | 01 Female |

"A" posts carry the PML and other benefits like D.A. and others as per norms of the State Government and University rules from time to time.

* **પરીક્ષા નિયામક અને સ્વીમિંગ કોચ સંવર્ગની જગ્યાઓ નવી બાબત હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે મંજૂર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના ઠરાવ No.ED/SPU/e-file/3/2023/0334/KH-2 dated 07/08/2023 મુદ્દા નં.૧૦ પ્રમાણે જો સદર જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થયા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.**

* આગામી વર્ષો માટે સદર જગ્યા ચાલુ રાખવા માટે નાણાંકીય સલાહકારશ્રીને રજૂઆત કરવામાં આવશે. સદર જગ્યા માટે સરકારશ્રીની મંજૂરી મળ્યેથી આગળના વર્ષ માટે ચાલુ રાખવામાં આવશે.

## :: QUALIFICATIONS ::

### (A) General Administrative :

| Adv. No. | Name of Posts & Pay | Qualifications |
|---|---|---|
| EST-15 | Controller of Examination (Rs.67,700-2,08,700) PML-11 | (1) A Master's degree with at least 55% of the marks or equivalent grade.<br>(2) Nine years of experience as a Assistant Professor in the Academic Level 10 and above with experience in educational administration.<br>**OR**<br>Comparable experience in research establishment and/or other institutions of higher education,<br>**OR**<br>Five years of administrative experience as Assistant Registrar or in equivalent post.<br>**Age Limit : Below 50 years** |
| EST-16 | Swimming Coach (Class-III) (Female) (Second Attempt) (Rs.25,500-81,100) PML-4 (Fixed Pay of Rs.26,000/- for five years) | (i) $12^{th}$ pass from any recognized board.<br>(ii) Coaching diploma or certificate in Swimming from recognized institute.<br>(iii) Minimum Two years experience as Swimming Coach.<br>(iv) Possessing certificate of participation at State/National/ International Level.<br>**Age Limit: Maximum 35 years** |

## (૨) સામાન્ય સૂચનાઓ અને શરતો :

### (A) સામાન્ય સૂચનાઓ:

૧) ઉમેદવારે દરેક કેટેગરી અંતર્ગત અલગ-અલગ અરજી કરવાની રહેશે તથા દરેક જગ્યા માટે અલગથી ફી ભરવાની રહેશે.

૨) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતાં પહેલા સબંધિત જગ્યાના નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/ ઉંમર અંગેની તમામ બાબતોમાં લાયકાત ધરાવે છે તે અંગેની ખાત્રી કર્યા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૩) ફક્ત ભારતીય નાગરિકત્વ ધરાવતા ઉમેદવારો જ અરજી કરી શકશે. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

૪) અધુરી વિગતોવાળી કે મોડી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવામાં આવશે નહી. અરજદારે અરજીપત્રક યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં યુનિવર્સિટીને પ્રાપ્ત થાય તે મુજબ અરજીપત્રક રજીસ્ટર પોસ્ટ/રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

૫) ઉમેદવારે Online અરજી સમયમર્યાદામાં Submit કરેલ હશે પરંતુ તેની હાર્ડ કોપી સબંધિત દસ્તાવેજો સાથે યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલ છેલ્લી તારીખ સુધીમાં નહી મળે તો તે અરજી પણ રદ કરવામાં આવશે.

૬) ઉમેદવારે દરેક કેટેગરી અંતર્ગત અલગ-અલગ અરજી કરવાની રહેશે.

૭) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મળેલ અરજીપત્રકોને ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં તથા તે અંગે ભરેલ પ્રોસેસિંગ ફી રીફંડ મળવાપાત્ર રહેશે નહી.

૮) ઉમેદવારે નિયત અરજી પત્રક સાથે જરૂરી સ્વપ્રમાણિત પ્રમાણપત્રો બિડાણો સહિત જમા કરવાની રહેશે.

૯) એકથી વધુ જગા માટે અરજી કરવાની આવશ્યકતાઓ જણાય તો દરેક જગ્યા માટે અલગથી અરજી જરૂરી બિડાણો સાથે નીચેના નમૂના મુજબ અલગ-અલગ કવરમાં અરજી જમા કરાવવાની રહેશે તથા દરેક જગ્યા માટે અલગથી ફી ભરવાની રહેશે.

**Please Submit Application with following details on the front of cover**

Advertisement No. & Date : ____________________
Notification No. : ____________________
Candidate's ID No. : ____________________
Apply for the Post : ____________________
Apply under category : ____________________

To
Registrar (Establishment Section)
Sardar Patel University
Vallabh Vidyanagar-388120
Gujarat (India)

From : ____________________
Name : ____________________
Address : ____________________
____________________
Mobile No. : ____________________

૧૦) નોકરી કરતા ઉમેદવારોએ પોતાની અરજી ખાતા મારફત મોકલવાની રહેશે અથવા ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૧) ઉમેદવારે સંબંધિત જગ્યા માટે જાહેરાતમાં દર્શાવવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવની તમામ વિગતો ધ્યાને લઇને જ ઓનલાઇન અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે તથા હાર્ડ કોપી સાથે બિડવાની રહેશે.

૧૨) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા/નોન ક્રિમીલેયર સર્ટી તથા અન્ય જરૂરી લાયકાત **Online** અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૧૩) ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

૧૪) પસંદગી પામનાર ઉમેદવારે ગુજરાત સરકારશ્રીના વખતો-વખતના CCC/CCC+ (Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરેલ છે તે મુજબ CCC/CCC+ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

૧૫) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦/(પા.ફા.)ની જોગવાઇ

પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના (NDCPS) લાગુ પડશે.

૧૬) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા અંગેની કોઈપણ પ્રકારની માહિતી માગતી આરટીઆઇ એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

૧૭) રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા નિયમો અરજદારોને લાગુ પડશે.

૧૮) પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટી જે કોઇ વધારાની જવાબદારી કોઈપણ વિભાગમાં સોંપશે તે નિભાવવાની રહેશે.

૧૯) ઉમેદવારના નામમાં, અટકમાં જો કોઇ તફાવત હોય તો (લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા લાગુ પડતુ અન્ય) તે અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા અરજી સાથે અચૂક બીડવાના રહેશે.

૨૦) ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ્ધ કરી પડતો મુકી શકાશે. નિમણૂક બાબત યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

૨૧) ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઇન પરીક્ષા/રૂબરૂ મુલાકાતનુ આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૨૨) ઉપરોક્ત તમામ જગ્યાઓ રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટીના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવાપાત્ર રહેશે.

૨૩) લેખિત/ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની તમામ સુચનાઓ ઉમેદવારના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર/ઇ-મેઇલ પર આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર/ઇ-મેઇલ અવશ્ય દર્શાવવો અને પ્રક્રિયા પૂર્ણ થવા સુધી નંબર/ઇ-મેઇલ જાળવી રાખવો અનિવાર્ય છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે ઉમેદવારને SMSથી સૂચના ના મળે તો તેની સંપુર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

૨૪) જાહેરાતની સંલગ્ન તમામ સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu પર Careerમાં વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટીની વેબસાઇટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે.

૨૫) જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા જણાય તેવા સંજોગોમાં આ અંગેનો યુનિવસિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

૨૬) યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાની રહેશે.

૨૭) ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર આણંદ પુરતુ મર્યાદીત રહેશે.

૨૮) વધારાની માહિતી રજૂ કરવા ઇચ્છતા હોય તો તેવા અરજદારોએ અલગ પેજમાં તેવી માહિતી દર્શાવવાની રહેશે.

૨૯) સરદાર પટેલ યુનિવર્સિટીમાં એડહોક ધોરણે હાલમાં ફરજ બજાવતા અને ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા કર્મચારીઓને વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટનો લાભ મળવાપાત્ર થશે.

30) યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને પણ ઉપરની જગ્યામાં જવા માટેની તક મળી રહે તથા તેઓનો વહીવટી અનુભવનો ઉપયોગ યુનિવર્સિટીમાં થઇ શકે તે હેતુસર યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં મહત્તમ વય મર્યાદા ૪૫ વર્ષને ધ્યાને રાખી નિયત કરેલ ઉંમરમાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

SARDAR PATEL UNIVERSITY

૩૧) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે તેના પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઇ મુશ્કેલ ન અનુભવાય.

## (B) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો :

૧. અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

૨. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલા નમૂના પ્રમાણે અરજી સાથે બીડવાનું રહેશે.

૩. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં ન થતો હોય તો જ મળવાપાત્ર રહેશે.

૪. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક સશપ-૧૧૦૯-૧૬૬૩-અથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) તથા તા.૨૬-૦૪-૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮-૦૮-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે (અંગ્રેજીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટિફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણાવામાં આવશે નહી.) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારોની ઉમેદવારી રદ થશે.

૫. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ "ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર"ની મહત્તમ અવધિ (Validity) ત્રણ નાણાંકીય વર્ષ મુજબ Online અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

૬. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનુ રહેશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકનાં સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૭. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં બાદ કોઇપણ સંજોગોમાં કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી રદ્દ થશે.

૮. જે ઉમેદવારોએ અરજી પત્રકમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો તેઓને અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક/દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૯. અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને બિનઅનામતના ધારા ધોરણો લાગુ પડશે.

૧૦. જે સંવર્ગની જગ્યાઓમાં <u>EWS</u> કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારો માટે અનામત છે તેવા <u>EWS</u> કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ : ૨૫/૦૧/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલા નમૂના (અંગ્રેજીમાં એનેક્સર અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં

મેળવેલી આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : ઈ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો માટેનાં પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર, ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે અથવા અરજી કરવાના છેલ્લી તારીખ સુધીમાં ભારત સરકાર હેઠળના અનામતના લાભ માટે મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદમાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે, અન્યથા તેઓ બિનઅનામત કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## (C) ફી:

૧. જનરલ કેટેગરીના ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી રૂ.૧૦૦૦/- તથા અન્ય કેટેગરીના તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી રૂ.૪૫૦/- Online Payment સિસ્ટમથી જ ભરવાની રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

૨. ફી ભર્યા બાદ, કોઈ પણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર રહેશે નહીં તેમજ ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

૩. ઉમેદવારે Online Successful Payment થયાના આધારની ઝેરોક્ષ કોપી અરજીની હાર્ડ કોપી સાથે બિડવાની રહેશે.

## (D) વયમર્યાદા :

૧. જાહેરાતના સંવર્ગ "સ્વીમિંગ કોચ-ફીમેલ" માટે ઓનલાઇન અરજીઓ સબમીટ કરવાની અંતિમ તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી નહિ અને ૪૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યકિતઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ની જોગવાઇ અનુસાર રહેશે.

૨. પરીક્ષા નિયામકની મહત્તમ ઉંમર ૫૦ વર્ષ રહેશે તથા તેમાં કોઈપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી.

૩. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઇ શકશે નહીં.

૪. અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

૫. ઉંમર મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

જાહેરાતમાં નિયત ઉંમરની છૂટછાટ જે જગ્યા માટે લાગુ પડતી હોય તેને જ વયમર્યાદા લાગુ પડશે.

| | | |
|---|---|---|
| ૧) | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨) | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે., તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩) | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૪) | માજી સૈનિકો, ઇ.સીઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫) | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬) | ગુજરાત સરકારના કર્મચારીઓઃ ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧)જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨)જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩)જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪)જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં કોઇ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## (E) શૈક્ષણિક લાયકાતઃ

૧. જાહેરાતમાં માગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા અરજીપત્રકમાં જણાવેલ લાયકાતના સમર્થનમાં ડિપ્લોમા/ડિગ્રીના પ્રમાણપત્રો અને /અથવા ગુણપત્રકની સ્વપ્રમાણિત નકલ અરજી સાથે અચૂક બીડવી.

૨. ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઇપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ના સેક્શન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

૩. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહીં.

૪. ઉમેદવાર માર્કશીટની પાછળ આપવામાં આવેલ ગુણાંકન પત્રકની પણ માર્કશીટની નકલ પાછળ મુકવાની રહેશે.

૫. જે ઉમેદવારોને વિદેશી યુનિવર્સિટીઓમાંથી ડિગ્રી આપવામાં આવી છે તેઓએ એસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટી, નવી દિલ્હી દ્વારા કરાયેલ "Equivalence Certificate" જોડવાનું રહેશે.

૬. પસંદ કરેલ ઉમેદવારોની નિમણૂક લેખિત કરાર તથા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩ અને ગુજરાત ગર્વમેન્ટના ગેઝેટ-૨૦૨૪ના કાયદાઓ હેઠળ કરવામાં આવશે.

૭. પસંદ કરેલ ઉમેદવારો યુનિવર્સિટી તેમજ રાજય સરકારના વખતોવખતના નિયમો the Act/Statues/ Ordinance/Regulations ને આધિન વર્તવાનું રહેશે. સમયાંતરે સુધારા તરીકે અને યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓના વર્તનને જાળવવા માટે ખાસ નિર્ધારિત કોઇપણ નિયમો /ઠરાવ કરવામાં આવશે તે પસંદ થયેલ ઉમેદવારને માન્ય રાખવાનો રહેશે.

SARDAR PATEL UNIVERSITY

૮. ઉમેદવારોએ અરજી સાથે બિડાણોની યોગ્ય રીતે હસ્તાક્ષર સૂચિ જોડવી આવશ્યક છે.

૯. ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૧૦.ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

## (F) અનુભવઃ

૧. જાહેરાતમાં માગ્યા મુજબનો અનુભવ ધરાવનાર ઉમેદવારે તે અંગેની સંપૂર્ણ વિગતો અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા તે અંગેનાં પ્રમાણપત્રોની નકલ અરજી સાથે અચૂક બીડવી.

૨. માંગવામાં આવેલ અનુભવ Online અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે.

૩. જાહેરાતમાં અનુભવ માગવામાં આવ્યો ના હોય તો પણ ઉમેદવારે અનુભવ ધરાવતા હોય તો તે અંગેની વિગતો અરજીપત્રકમાં દર્શાવવી.

૪. અનુભવ તરીકે પગાર ધોરણ પણ દર્શાવેલ હોય તો અનુભવ અંગેના પ્રમાણપત્રમાં પગારધોરણ લગતી બાબતો તથા તે અંગેના જરૂરી આધારો બિડાણ સહિત અરજીપત્રક સાથે જોડવાના રહેશે.

૫. અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદ્‌વેતન આમંત્રિત ફેકલ્ટી, ઈન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહીં.

૬. For the all post of aspiring candidates having experience of working in Non-Government/ SELF FINANCED institutions/organizations will have to submit documentary proofs of Pay Level, salary in the form of Appointment Letter (with salary mentioned in it), University Approval (if applicable), Salary Slips, Salary Bank Account Statements with all entries and IT Returns corresponding to it for the experience claimed.

## (G) પરીક્ષાનું માળખુ અને પસંદગી પ્રક્રિયાઃ

**Controller of Examination માટે પરીક્ષાનું માળખું અને પસંદગી પ્રક્રિયા નીચે મુજબ રહેશે.**

### (A) પરીક્ષાનું માળખું :

(a) Part–I

| | | |
|---|---|---|
| **Objective Type questions** | **(50 MCQs)** | **(50 Marks) (50 Minutes)** |
| **General Knowledge :** General Awareness | | |
| **Arithmetic and Reasoning Ability**<br>Number System, Multiplication, Division, Number System, Factoring, Profit and Loss, Ratio, Proportion & Percentage, Time and Distance, Time and Work, Simple Interest & Compound Interest, Average | | |
| **English grammar, vocabulary and Comprehension**<br>Error recognition, Sentence Formation, Sentence Structure, Ordering of Sentence, one-word substitution, Active & Passive voice, Articles & prepositions, Antonyms, Synonyms, Idioms, Reading Comprehension. | | |
| **Computer Fundamentals** | | |

| |
|---|
| Operating Systems, Internet, Hardware and Software, e-governance, Applications of Computers, Electronic communication, Application Software like Word Processor, Spread Sheet and Presentation, etc. |

**(b) Part–II**

| **Descriptive questions** | **(50 Marks) (90 Minutes)** |
|---|---|
| **જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાત અને સંબંધિત અભ્યાસક્રમના પ્રશ્નો (બિડાણઃ COE)** | |

**(c) Part–III**

| **Interview** | **(50 Marks)** |
|---|---|

## (B) પસંદગી પ્રક્રિયા :

| | |
|---|---|
| ૧. | જગ્યા ઉપરની પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારે ભાગ-૧ની ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો (Multiple Choice Question (MCQ) પધ્ધતિની અને ભાગ-૨ની વર્ણનાત્મક કસોટી અને ભાગ-૩ની સાક્ષાત્કાર કસોટી (Interview)ની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. |
| ૨. | **ભાગ-૧ની Multiple Choice Question (MCQ) કસોટી તથા ભાગ-૨ની વર્ણનાત્મક કસોટીમાં મેળવેલ મેરીટના આધારે ભરવાની થતી જગ્યાના મહત્તમ આઠ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે બોલાવવામાં આવશે.** |
| ૩. | **ઉક્ત સંવર્ગની પસંદગી યાદી ભાગ-૧ (ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નોની પરીક્ષા) (૫૦ ગુણ), ભાગ-૨ વર્ણનાત્મક કસોટી (૫૦ ગુણ) અને ભાગ-૩ ઈન્ટરવ્યુ (૫૦ ગુણ) = ૧૫૦ ગુણમાંથી તૈયાર કરવામાં આવશે.** |
| ૪. | ભાગ-૧ની Multiple Choice Question (MCQ)નું તથા ભાગ-૨ની વર્ણનાત્મક કસોટીનું માધ્યમ અંગ્રેજી રહેશે. |
| ૫. | **ભાગ-૧ Multiple Choice Question (MCQ) પ્રકારનો છે જેમાં દરેક પ્રશ્ન ૦૧ (એક) ગુણનો રહેશે. જેનો કુલ સમયગાળો ૫૦ મિનિટનો રહેશે,ભાગ-૧ની પરીક્ષા પૂર્ણ થયા બાદ ભાગ-૨ની વર્ણનાત્મક કસોટી ૯૦ મિનિટની રહેશે.** |
| ૬. | ભાગ-૧ની Multiple Choice Question (MCQ) પધ્ધતિની કસોટીમાં નેગેટીવ માર્કિંગ નીચે મુજબ લાગુ પડશે.<br>• ખોટા જવાબ દીઠ, તેમજ એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ હોય તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ પ્રશ્નદીઠ કમી કરવામાં આવશે.<br>• ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો "E" "Not Attempted"નો વિકલ્પ પસંદ કરી શકશે. "Not Attempted"નો વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહિ.<br>• પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહી કરવામા આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ પ્રશ્નદીઠ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે. |
| ૭. | **ઉક્ત Multiple Choice Question (MCQ) કસોટી ભાગ-૧ અને ભાગ-૨ની વર્ણનાત્મક કસોટી અને ભાગ-૩ની સાક્ષાત્કાર કસોટીમાં મેળવેલ સંયુક્ત ગુણના મેરીટના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.** |
| ૮. | **ઉક્ત સંવર્ગનું તૈયાર થયેલ કુલ મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતો ધ્યાને લઇ યોગ્ય કરવામાં આવશે.** |
| | **(૧) જો એક કરતા વધારે ઉમેદવારોનું કુલ મેરીટ એક સરખું આવેલ હોય તેવા ઉમેદવારો માટે લેખિત પરીક્ષા (ભાગ-૧) અને (ભાગ-૨) માં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઇ તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે.** |
| | **(૨) ઉક્ત (૧) મુજબ લેખિત પરીક્ષા (ભાગ-૧) અને (ભાગ-૨)માં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષામાં મેળવેલા કુલ ગુણ ધ્યાને લઇ તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે. જરૂર પડે ૧૦ દિવસની સમય મર્યાદામાં ઉમેદવારે સદર બાબત અંગેના જરૂરી આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.** |
| | (૩) ઉક્ત (૨) મુજબ ગુણ સરખા થાય ત્યારે તેવા કિસ્સામાં જન્મ તારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે. |

Selection procedure, probation period, and relaxation in age and qualifications are as per the Rules & Regulations of the University Grants Commission, the Gujarat Public Universities Act-2023, the Government of Gujarat, and Sardar Patel University from time to time.

## સ્વીમિંગ કોચની જગ્યાઓ માટે પરીક્ષાનું માળખું અને પસંદગી પ્રક્રિયા

### (A) પરીક્ષાનું માળખુ

**ભાગ-૧**

**લેખિત કસોટી : MCQs (ગુણ-૧૫૦) (સમય : ૯૦ મિનિટ)**

| નં. | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસો, ભારતનું પ્રાથમિક બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, ભારત અને ગુજરાતના વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક અને તાર્કિક કસોટીઓ | 30 |
| ૨. | ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય | ૨૦ |
| ૩. | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ |
| ૪. | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને સંબંધિત અભ્યાસક્રમને સબંધિત પ્રશ્નો (બિડાણઃ SC) | ૯૦ |
| | | ૧૫૦ |

**ભાગ-૨**

**પ્રેક્ટીકલ પરીક્ષા : (ગુણ-૧૦૦) (સમય : ૯૦ મિનિટ)**

| નં. | વિષય |
|---|---|
| ૧. | સ્વીમિંગને લગતો ટ્રેડ ટેસ્ટ |
| ૨. | પ્રાથમિક સારવારને લગતી તાલીમ (first aid training) |

### (B) પસંદગી પ્રક્રિયા :

જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે ભાગ-૧ની પ્રાથમિક કસોટી અને ભાગ-૨ની પ્રેક્ટીકલ પરીક્ષા (ટ્રેડ ટેસ્ટ)માંથી પસાર થવાનું રહેશે.

**સામાન્ય સૂચનાઓ :**

| | |
|---|---|
| ૧. | જગ્યા ઉપરની પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારે ભાગ-૧ની પ્રાથમિક કસોટી Multiple Choice Question (MCQ) પધ્ધતિની રહેશે અને ભાગ-૨ની પ્રેક્ટીકલ પરીક્ષા (ટ્રેડ ટેસ્ટ)ની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. |
| ૨. | ભાગ-૧ની પ્રાથમિક કસોટીનું માધ્યમ અંગ્રેજી/ગુજરાતીમાં રહેશે. |
| ૩. | Multiple Choice Question (MCQ)માં દરેક પ્રશ્ન ૦૧ (એક) ગુણનો રહેશે. જેનો સમયગાળો ૯૦ મીનિટનો રહેશે. |
| ૪. | ખોટા જવાબ દીઠ, તેમજ એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ હોય તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કિંગ લાગુ પડશે. પરંતુ ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઈચ્છતા હોય તો "E" "Not Attempted"નો વિકલ્પ પસંદ કરી શકાશે. "Not Attempted"નો વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહિ. |
| ૫. | પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહી કરવામા આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે. |
| ૬. | ભાગ-૧ના મેરીટના આધારે જે-તે કેટેગરી વાઈઝ ભરવાની થતી જગ્યાના પાંચ ગણા ઉમેદવારોને ભાગ-૨ની પ્રેક્ટીકલ પરીક્ષા (ટ્રેડ ટેસ્ટ) માટે બોલાવવામાં આવશે. |
| ૭. | ભાગ-૨નો પ્રેક્ટીકલ પરીક્ષા (ટ્રેડ ટેસ્ટ) ૯૦ મીનિટનો રહેશે. |

| | |
|---|---|
| ૮. | ઉકત સંવર્ગની પસંદગી યાદી ભાગ-૧ (૧૫૦ ગુણ) પ્રાથમિક કસોટી, ભાગ-૨ (૧૦૦ ગુણ) પ્રેકટીકલ પરીક્ષા (ટ્રેડ ટેસ્ટ)માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. |
| ૯. | ઉમેદવારોએ પ્રથમ તબક્કામાં પ્રાથમિક કસોટી ભાગ-૧ની લેખિત MCQs પરીક્ષા અને બીજા તબક્કાની ભાગ-૨ની પ્રેકટીકલ પરીક્ષા (ટ્રેડ ટેસ્ટ) એમ બંને કસોટીમાં મેળવેલ સંયુકત ગુણના મેરીટના આધારે કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઈ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. |
| ૧૦. | ઉક્ત સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા દરમિયાન તૈયાર થયેલ કુલ મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતો ધ્યાને લઈ યોગ્ય કરવામાં આવશે. |
| | (૧) જો એક કરતા વધારે ઉમેદવારોના કુલ મેરીટ એક સરખું આવેલ હોય તેવા ઉમેદવારો માટે લેખિત પરીક્ષા (ભાગ-૧)માં મેળવેલ ગુણને ધ્યાને લઈ તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે. |
| | (૨) ઉક્ત (૧) મુજબ લેખિત પરીક્ષા (ભાગ-૧)માં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષામાં (ટી.વાય./અંતિમ વર્ષમાં) મેળવેલા કુલ ગુણ ધ્યાને લઈ તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે. |
| | (૩) ઉક્ત (૨) મુજબ ગુણ સરખા થાય ત્યારે તેવા કિસ્સામાં જન્મ તારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે. |

Selection procedure, probation period, and relaxation in age and qualifications are as per the Rules & Regulations of the University Grants Commission, the Gujarat Public Universities Act-2023, the Government of Gujarat, and Sardar Patel University from time to time.

**(H) યુનિવર્સિટી જે કોઇ ઉમેદવારને નીચે મુજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.**

૧) ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીના કોઇ અધિકારી/ કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.

૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.

૩) ખોટી અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેમની અરજીઓ રદ કરવામાં આવશે.

૪) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.

૫) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇ પણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે

૬) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખાણ માટે.

૭) OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થતી હોય તેવા પ્રયાસ કરવા.

૮) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે

૯) પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીમાં રોકેલા કર્મચારીઓ સાથે સીધી કે આડકતરી રીતે કનડગત કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે.

૧૦) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહી પાત્ર થવા ઉપરાંત (ક) યુનિવર્સિટી, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) યુનિવર્સિટી સીધી પસંદગી માટે લેવાની કોઇ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈ પણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકાશે.

SARDAR PATEL UNIVERSITY

૧૧) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્દ થવાને પાત્ર બનશે.

## (I) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ છે. જે સંપૂર્ણ નથી.)

૧. મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

૨. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

૩. અરજીમાં ઉમેદવારની સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો ન હોય.

૪. અરજી ફેક્સથી, ઇ-મેઇલથી મોકલાવેલ હોય.

૫. ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય.

૬. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગની જાતિ, આર્થિક રીતે નબળા વર્ગો અંગેનું પ્રમાણપત્ર અરજી પત્રકની હાર્ડકોપી સાથે બિડેલ ન હોય.

૭. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર અરજી પત્રકની હાર્ડકોપી સાથે બિડેલ ન હોય.

૮. અરજીની હાર્ડકોપી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મળેલ અરજીપત્રકોને પણ રદ કરવામાં આવશે.

૯. (અ) જે અરજીઓનું ઓનલાઇન ફાઇનલ સબમીશન કરેલ નહિ હોય તે અરજીઓ રદ કરવામાં આવશે.

(બ) ઓનલાઇન અરજી કરેલ નહી હોય અને માત્ર હાર્ડકોપી જમા કરાવેલ હશે તે અરજીઓ પણ રદ કરવામાં આવશે.

(ક) અરજીઓનું ઓનલાઇન ફાઇનલ સબમિશન કર્યા વગર હાર્ડ કોપી જમા કરાવેલ હશે તે અરજી રદ કરવામાં આવશે.

૧૦.અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ મળેલ અરજીપત્રકોને ધ્યાને લેવામાં આવશે નહિ તથા શૈક્ષણિક લાયકાત, તેમજ અનુભવ મેળવેલ હોય તે પણ ધ્યાને લેવાશે નહિ.

૧૧.ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવારને ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્દ થવાને પાત્ર બનશે.

૧૨.ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (prevention of Unfair Means) Act, 2023 અધિનિયમ, ૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં "Examination Authority" તરીકે સ્ટેટ ફંડેડ યુનિવર્સિટીઓનો સમાવેશ કર્યો છે. આથી, યુનિવર્સિટી દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર અધિનિયમ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઇપણ ઉમેદવાર Gujarat Public Examination (prevention of Unfair Means) Act, 2023ની જોગવાઇઓનો ભંગ કરતો જણાઇ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## (J) ગેરવર્તણૂંકઃ

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં. તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી. ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ સંજોગોમાં સુધારો કે ફેરફાર અથવા બીજા કોઇ પણ ચેડા કરવા નહીં અથવા તેઓએ આવાં ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં. જો એક પણ બાબતના દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલોમાં કોઇ પણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતાઓ જણાય તો તેની

સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ પણ ઉમેદવાર યુનિવર્સિટી દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો યુનિવર્સિટીના નિયમો અથવા તો ગુજરાત સરકારશ્રીના નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાને પાત્ર બનશે.

નં.બી/એસ/૨/૪૫૮૭
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૧૩/૦૮/૨૦૨૫

ડૉ.ભાઈલાલભાઇ પી. પટેલ
કુલસચિવ
કુલસચિવ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

**નકલ સવિનય રવાનાઃ**

(૧) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
(૨) અધિક કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, બ્લોક નં.૧૨, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) વડાશ્રી,અનુસ્નાતક વિભાગો તથા આચાર્ય,એમ.બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર
(૪) ડાયરેકટરશ્રી, જી.એચ.પટેલ કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (યુનિ. વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા)
(૫) એમ્પલોયમેન્ટ અધિકારી, જિલ્લા એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ, આણંદ
(૬) ડેપ્યુટી ચીફ, યુનિવર્સિટી એમ્પલોયમેન્ટ માહિતી અને ગાઇડન્સ બ્યુરો, વલ્લભ વિદ્યાનગર
(૭) આચાર્યશ્રી, સંલગ્ન કૉલેજો
(૮) વડાશ્રી, યુનિવર્સિટી કાર્યાલયના વિભાગો, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

********************

SARDAR PATEL UNIVERSITY

વિભાગ : COE

# Sardar Patel University

## Syllabus for Descriptive Examination

**Post Name:** Controller of Examination

| Unit No. | Content |
|---|---|
| I | **General Administration**<br>• Office Procedure<br>• Service Rules<br>• Handling Decision making during unfavorable conditions<br>• Human Relations<br>• Disciplinary and Appeal Rules<br>• Code of Conduct<br>• Service Rules<br>• Labour Laws applicable to the State University<br>• Ordinances of Sardar Patel University |
| II | **Public University Laws of Gujarat Government and Government Policies**<br>• The Gujarat Public Universities Act, 2023<br>• The Gujarat Public Universities Statutes, 2024<br>• National Education Policy (NEP) – 2020<br>• Right to Information Act, 2005<br>• Right to Education Act, 2009 |
| III | **Regulations for University Examinations and Courses**<br>• Automation / Digitization of Examinations<br>• Mode of Examinations<br>• Examinations in Higher Education<br>• Reforms in current examination system at Higher Education with respect to NEP-2020 |
| IV | **Office Procedure**<br>• Use of Enterprise Resource Planning (ERP) System in the betterment of Student Life Cycle, Awareness of Samarth Portal<br>• General understanding about the different court of law and statutory tribunals related to the Education Institutions<br>• Student Grievance Redressal Mechanism/Woman Grievance Redressal Mechanism as pre UGC or other statutory authority<br>• Record Keeping and Disposal of Record as per the statutory provision<br>• Role and Responsibilities of the statutory authorities of the State/Central Government i.e. UGC, AICTE, NCERT, PCI, MCI, NCH, ICCR, etc. |
| V | **Purchase Procedure in Public Universities**<br>• GeM Purchase Procedure with statutory provision<br>• Standard Purchase/Tender procedure<br>• Gujarat state procurement policy as per the Gujarat Public Universities Act, 2023 and the Gujarat Public Universities Statutes, 2024 |

ભિડાણ SC

SYLLABUS

THEORY & SCEINCE OF SWIMMING -I

Sr. no. Topics

1. **History, development and organizations:**
   a) Development of modern competitive strokes
   b) FINA
   c) Swimming federation of India

2. **Rules and their Interpretation:**
   a) FINA
   b) Terminology used

3. **Organization and Management of competition:**
   a) Swimming
   b) Water polo
   c) Diving

4. **Facilities and their management**
   a) Construction of swimming pool
   b) Maintenance
   c) Pool water tests
   d) Chemicals required
   e) Safety
   f) Maintenance of equipments.

5. **Common diseases for swimmers and their causes and prevention**

6. **Requisites of a Swimming Coach:**
   a) Philosophy of coaching
   a) The qualities of an Ideal Swimming Coach
   b) Duties of a Swimming Coach
   c) Code of conduct and ethics of a Swimming Coach

7. **Prerequisites of an elite swimmer.**
    a) Anthropometrical
    b) Physiological
    c) Psychological
    d) Knowledge of general, technical know-how of competition

8. **Methods of Teaching/Coaching.**
    a) Class Organization
    b) Class Management:-
        i) Principles
        ii) Organization
        iii) Formation
        iv) Control

9. **Water Polo:**
    a. Interpretation of FINA W/P Rules
    b. Profiles of a top level Water polo Player
    c. The beginner's exercises for ball handling, individual, pair and group.
    d. Category of passes
    e. Types of passes
    f. Types of Water Polo shorts
    g. Golden hints for offensive players
    h. Jewels for defensive players
    i. Specific training for goalkeepers
    j. Analysis of individual and team offensive tactics
    k. Analysis of individual and team defensive tactics
    l. Play systems.

10. **Diving:**
    a) The Interpretations of FINA Diving rules.
    b) Pre-requisites of a diver for high performances
    c) Teaching basic divers to novices.

11. **Land conditioning:**
    a) Calisthenics, flexibility exercises and endurance training.
    b) Medicine ball, Iso- Kinetics machine exercises and stroke related pulley work outs.
    c) Strength development on land including weight training.
    d) Circuit training
    e) Co-ordinative ability

SARDAR PATEL UNIVERSITY

12. **Identification of talent and development:**
   a) Selection criteria based on scientific principles, tests and measurements.
   b) Training for age group swimmers.

13. **Methods and procedures followed for selecting teams, captains for swimming, diving and water polo.**

14. **Life savings:**
   a) Methods
   b) Approach factors
   c) Causes of drowning
   d) Types of holds and releases
   e) CPR
   f) Mouth to mouth resuscitation.

15. **Contributing and detracting factors**

**SYLLABUS**

**THEORY & SCEINCE OF SWIMMING -II**

Sr. no. Topics

1. **Warming up and limbering down.**
   a) Types
      ii. General ii) Specific
   b) Methods & Means

2. **Teaching swimming to beginners:**
   a) Basic swimming skills.
   b) Laws of learning applied in Swimming
   c) Methods of teaching
   d) Sequence of teaching competitive swimming strokes.

3. **Mechanical principles involved in Swimming.**
   a) Resistance and propulsion
   b) Action and reaction
   c) Bernoulli's effect
   d) Theoretical square law
   e) Continuity of movements
   f) Transfer of momentum

4.1. **Technical Analysis.**

a) The Front Crawl:

i) The body position

ii) Horizontal body alignment

i) Lateral body alignment
ii) The flutter kick
iii) The arm stroke
iv) Mechanics of breathing
v) Co-ordination.

b) Starts: i)Various Starts

ii) Free style start

c) Turns:

a. Various turns
b. Advantages of flip turn

**4.2 Back Stroke Analysis:**

a) The Back Stroke.
   i) The body position
   ii) The leg action
   iii) The Arm action-pull
   iv) The recovery
   v) The body roll
   vi) The breathing
   vii) The co-ordination.
b) The Start
c) Turns

**4.3 Breast Stroke:**

a. The leg action:
   i. Body position
   ii. The leg action (whip kick)
   iii. The recovery
b. The arm action:
   i. The pull
   ii. Recovery
c. Breathing:
   i) Inhalation
   ii) Exhalation
d. The Co-ordination
e. Breast stroke start
f. Breast stroke turn.

**4.4 Butterfly :**

a) Introduction – Rules governing the stroke
b) Body position
c) The Dolphin kick
d) The arm pull
e) The recovery
f) Transition from recovery to pull
g) Breathing action and timing
h) Breathing to the side
i) How often to breath
j) The start

SARDAR PATEL UNIVERSITY

k) The turn

5. **Tactics in Relay Swimming**

a) Importance of tactics
b) Offensive strategy
c) Defensive strategy
d) Basic traits of a relay swimming
Race patterns

6. **Planning and periodization**

a) Short term planning
b) Long term planning
c) Lesson plan
d) Single periodization
e) Multiple periodization

**7. Training methods and sets used in Swimming.**

7.1 Training the swimmer for various distance

a) Training the sprinter
b) Training the middle distance swimmers
c) Training the distance swimmers
d) Training the I.M swimmers
e) Training the relay swimmers

**8. Training Load ( Basic and High performance)**

a) Types
b) The principles of load
c) The components of load
d) The volume
e) The speed – intensity
f) Interval of rest
g) Frequency
h) Dirt
i) The judgment of load
j) The arrangement of load

9. **Fundamentals of preparing a training schedule**

10. **Individual medley events switch over turn**

**11. Specific Swimming tests**

1. Swimming performance ability test
Speed test (6x25)
Endurance (800 m, 1500 m, 2000m,
20x50 at 90%RI 10, 6x200m at 85%RI)
2. Swimming technique start and turn evaluation
Technique check list
Stroke frequency test



SARDAR PATEL UNIVERSITY

Stroke length test
3x50 m test
57.5 m test
Maximum heart rate test

12. **Training systems** :

g) zone -1 aerobic ($A_1$,A $_2A_3$)
h) zone -2 anaerobic threshold
i) zone -3 high performance endurance
j) zone -4 anaerobic (race –pace training , lactate training )
k) zone-5 sprint

**13. Development of specific motor abilities in Swimming.**

**14. Diet and nutrition for swimmers**

a) Every day diet during training
b) Diet before after and during the competition
c) Fluid and glycogen replenishments

Registrar
Sardar Patel University
Vallabh Vidyanagar